ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમની એન.એસ.એફ.ડી.સી.ની સીધા ધિરાણની પેસેન્જર વાહનની યોજનામાં એકસાઈઝ ડ્યુટીમાં મુક્તિ આપવા અંગેની "નેગોશીએશન કમિટિ" ની રચના અંગે.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: અવક/૧૦૨૦૧૬/૭૧૮૩૧૮/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 6 DEC 2016

વંચાણે લીધા:-

(૧) ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા રજુ કરાયેલ સીંગલ ફાઈલ

(૨) ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમના નિયામક મંડળની ૭૪મી બેઠકની કાર્ય નોંધ.

આમુખ:-

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમને N.S.F.D.C નવી દિલ્હી દ્વારા સીધા ધિરાણની વાહનની યોજના અંતર્ગત ધિરાણ/લોન આપવામાં આવે છે. નિગમની સીધા ધિરાણની વાહનની યોજનામાં પેસેન્જર ફોર-વ્હીલમાં ફરજીયાત આર.ટી.ઓમાં પાસીંગ કરવામાં આવે છે. આ ટેક્સી પાસીંગમાં ભારત સરકાર તરફથી એકસાઈઝ ડ્યુટીમાંથી મુક્તિ મળે છે. અત્યાર સુધી હાલની વ્યવસ્થામાં પેસેન્જર ફોર-વ્હીલરમાં લાભાર્થીને પુરી રકમનું ધિરાણ આપવામાં આવે છે. આર.ટી.ઓમાં ટેક્સી પાસીંગ થયા બાદ માફ કરવામાં આવતી રકમ લાભાર્થીઓ દ્વારા નિગમમાં પરત ભરવામાં આવતી નથી.

આથી હાલની આ વ્યવસ્થામાં ફેરફાર કરી તેના બદલે શરૂઆતથી ધિરાણ કરવાના સમયે જ મળવાપાત્ર એકસાઈઝ ડ્યુટી જેટલી રકમ બાદ કરી ધિરાણ કરવામાં આવે તો લાભાર્થીની લોનની રકમ પણ ઘટે અને નિગમ પાસે નાંણાકીય બચત રહેતા નિગમ વધુ લાભાર્થીઓને લાભ આપી શકે.

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમની ક્રમ-૧ પરની સીંગલ ફાઈલ સિસ્ટમ દ્વારા નિગમે જણાવેલ છે કે રાજ્ય સરકાર પારદર્શિતાથી કામગીરી કરી રહી છે ત્યારે રાજ્ય સરકાર, નિગમ અને લાભાર્થીઓના હિત માટે વાહન ઉત્પાદક કંપની સાથે નેગોશીએશન કરવાથી વધારો ફાયદો થઈ શકે તેમ છે.

ઠરાવ:-

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ ની ઉક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની "નેગોશીએશન સમિતિ" ની રચના કરવામાં આવે છે.

| ક્રમ | હોદ્દાની રૂએ | સમિતિમાં હોદો |
|---|---|---|
| ૧ | ચેરમેનશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ | સભ્ય |
| ૨ | નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ | સભ્ય |
| ૩ | મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ | સભ્ય |
| ૪ | નાયબ સચિવશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૫ | નાણાં સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ), નાણાં વિભાગ | સભ્ય |

આ સમિતિએ નિગમ અને લાભાર્થીઓના હિત માટે વાહન ઉત્પાદક કંપની સાથે એક્સાઈઝ ડ્યુટી મુક્ત વાહનને આપવા અંગે વિચારણા કરવાની રહેશે, ત્યારબાદ જ આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

આ હૂકમો આ વિભાગની સરખા ક્રમાંકની અગ્ર સચિવશ્રી (સા.ન્યા)ની તા:૦૨/૧૨/૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(કમલેશ શાહ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અધિક અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ. ૪/૧,ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ચેરમેનશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાંણા સલાહકારશ્રી (સા.ન્યા) નાંણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ.

સૌ.આશ્રી, ડેસ્ક૨૨ સેલ, સા.ન્યા.અ.વિભાગ.